**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૩૧ ટકા

# આજે વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ

## વૈજ્ઞાનિકો સૂર્યગ્રહણને હાઈબ્રિડ સૂર્યગ્રહણ કહી રહ્યા છે : ૧૦૦ વર્ષમાં એક વાર આ સૂર્યગ્રહણ થાય છે

ગાંધીનગર, તા.૧૯

ગુરુવારે ૨૦ એપ્રિલના રોજ વર્ષનું પહેલું સૂર્યગ્રહણ લાગી રહ્યું છે, વૈજ્ઞાનિકો આ સૂર્યગ્રહણને હાઈબ્રિડ સૂર્યગ્રહણ કહી રહ્યા છે. ૧૦૦ વર્ષમાં એક વાર આ સૂર્યગ્રહણ થાય છે. આંશિક, પૂર્ણ અને કુંડલાકાર સૂર્યગ્રહણના મિશ્રણને હાઈબ્રિડ સૂર્યગ્રહણ કહેવામાં આવે છે. આ સૂર્યગ્રહણ દરમિયાન સૂર્ય મેષ રાશિમાં બિરાજમાન થશે અને ગુરુ મેષ રાશિમાં સૂર્ય સાથે યુતિ કરશે. હાઈબ્રિડ સૂર્યગ્રહણ શું હોય છે અને તેની શું અસર થાય છે, તે અંગે અહીંયા વિગતવાર જાણકારી આપવામાં આવી છે.

### કઈ જગ્યાએ જોવા મળશે

૨૦ એપ્રિલે સવારે ૦૮:૦૭ વાગ્યાથી બપોરે ૧૧:૨૭ વાગ્યા સુધી સૂર્યગ્રહણ રહેશે. આ સૂર્યગ્રહણ ભારતમાં જોવા નહીં મળે, આ કારણોસર તેનો સૂતકકાળ પણ ભારતમાં માનવામાં નહીં આવે.

આ સૂર્યગ્રહણ કંબોડિયા, ચીન, અમેરિકા, માઈક્રોનેશિયા, મલેશિયાસ ફિજી, જાપાન, સમોઆ, સોલોમન, બરૂની, સિંગાપોર, થાઈલેન્ડ, એન્ટાર્કટિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, વિયેતનામ, તાઈવાન, પાપુઆ ન્યૂ ગિની, ફિલિપાઈન્સ, દક્ષિણ હિંદ મહાસાગર અને દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં જોવા મળશે. જેથી આ સ્થળોએ સૂર્યગ્રહણનો સૂતક કાળ માન્ય રહેશે.



### સૂતક કાળ એટલે શું?

સૂર્યગ્રહણના ૧૨ કલાક પહેલા સૂતકકાળ લાગી જાય છે. આ દરમિયાન કોઈપણ પ્રકારનું શુભ કાર્ય અથવા પૂજા પાઠ કરવામાં આવતા નથી. સૂતકકાળ દરમિયાન મંત્રોનો જાપ કરવો જોઈએ. ગ્રહણ પૂર્ણ થઈ ગયા પછી સૂતકકાળ પૂર્ણ થઈ જાય છે. ગ્રહણ પછી ઘરમાં ગંગાજળ છાંટવું જોઈએ અને સ્નાન કરવું જોઈએ.

### આંશિક, પૂર્ણ અને કુંડલાકાર સૂર્યગ્રહણ

ચંદ્રમાં સૂર્યનના નાના ભાગ સામે આવીને પ્રકાશને રોકે ત્યારે આંશિક સૂર્યગ્રહણ થાય છે. કુંડલાકાર સૂર્યગ્રહણમાં ચંદ્રમાં સૂર્યની વચ્ચે આવીને પ્રકાશને રોકે છે, ત્યારે એક ચમકીલો ગોળો બને છે જેને રિંગ ઓફ ફાયર કહે છે. પૂર્ણ સૂર્યગ્રહણ થાય ત્યારે સૂર્ય અને ચંદ્રમાં એક સીધી રેખામાં હોય છે. આ કારણોસર પૃથ્વીના એક ભાગ પર સંપૂર્ણપણે અંધારું થઈ જાય છે, જે કોઈપણ યંત્ર વગર ખુલ્લી આંખોથી જોઈ શકાય છે.

### હાઈબ્રિડ સૂર્યગ્રહણ શું હોય છે?

આ સૂર્યગ્રહણ સમયે ચંદ્રમા ધરતીથી દૂર પણ નથી હોતો અને નજીક પણ નથી હોતો. આ દુર્લભ ગ્રહણ દરમિયાન થોડી સેકન્ડ માટે રિંગ જેવી આકૃતિ બને છે, જેને વલય એટલે કે, રિંગ ઓફ ફાયર કહે છે.

**જન્મદિને વધામણી**



ધ્વનિ મયુર શાહ



ડો. નિકુંજ પિયુષભાઈ શાહ
મો. ૯૭૨૬૭ ૬૦૬૦૫



શૌર્ય ધીરજ પ્રજાપતિ
મો. ૯૦૨૩૧ ૪૨૨૯૬



ગૌરવ પટેલ



કુલદીપસિંહ કીરીટસિંહ રાઓલ
મો ૭૫૭૪૦ ૨૩૯૦૯

## સમર્પણ કોલેજમાં પ્રોફેશનલ કુકિંગ કોર્સ અંગેનો સેમીનાર યોજાયો



ગાંધીનગર, તા.૧૯

તાજેતરમાં ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં TATA IIS ના સહયોગથી પ્રોફેશનલ કૂકિંગ અંગેનો સેમીનાર યોજાયો હતો. સ્ટાર્ટ અપ ઈન્ડિયાના નેજા હેઠળ ટાટા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કીલ ગુજરાતની અનેક કોલેજમાં વિદ્યાર્થીની સ્કીલને બિરદાવવા માટે અલગ અલગ સ્ટાર્ટઅપ કાર્યક્રમ યોજી રહી છે આ અંતર્ગત તાજેતરમાં સમર્પણ કોલેજમાં અભ્યાસ કરતા આશરે ૬૦ જેટલા વિદ્યાર્થીઓની પસંદગી કરી પ્રોફેશનલ કૂકિંગ કોર્સ અંગેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં TATA IISના પ્રતિનિધિ શ્રી વિનય ત્રિવેદી અને શ્રી રાધે ચૌહાણ હાજર રહી વિવિધ સ્કીલ ડેવલોપમેન્ટ કોર્સ વિશેની માહિતી આપી હતી. કાર્યક્રમના સફળ આયોજન બદલ કોલેજના પ્રિન્સિપાલ ડો. રાજી ડેનિસ, રજીસ્ટ્રાર ડો. એમ ડી પાંડે અને ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાએ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

## IIT ગાંધીનગરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સંસ્થાને લગભગ ૭૦ લાખ રૂપિયાનું દાન આપ્યું

### ૨૦૨૨ માં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓમાંથી, આશ્ચર્યજનક ૮૧ ટકા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં IITGNમાં યોગદાન આપ્યું છે

ગાંધીનગર, તા.૧૯

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના ભંડોળનો આંકડો વર્ષ-દર વર્ષે વધારતા અને નવા વિક્રમો સર્જતા, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (IITGN)ના લગભગ ૫૫ ટકા (૫૪.૮૭%)યુવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએનાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન સંસ્થામાં લગભગ ૭૦ લાખરૂપિયાનું આર્થિક યોગદાન આપ્યું છે. ગયા નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન આ સંખ્યા૫૦ ટકા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ૪૭.૫૦ લાખ રૂપિયાના યોગદાન પર હતી. આ સાથે સંસ્થાએ સતત ચોથા વર્ષે ૫૦ ટકાથી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થી દાતાઓની સિદ્ધિ હાંસલ કરી છે.

IITGNના ૩,૧૪૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાંથી, ૧,૭૨૩ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સંસ્થાને સામૂહિક રીતે ૬૯ લાખ રૂપિયાથી વધુનું દાન આપ્યું, જેથી વર્તમાન વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ, સંશોધનની નોંધપાત્ર તકો, અને વાઈબ્રન્ટ કેમ્પસ લાઈફ પ્રદાન કરવાનું ચાલુ રાખી શકાય. તેમણે વિવિધ વિદ્યાર્થી કલ્યાણ પહેલો જેમ કે આંતરરાષ્ટ્રીય ઈન્ટર્નશિપ, વિદ્યાર્થીને નાણાકીય સહાય, અને ઉદ્યોગસાહસિકતા માટે ભંડોળ પૂરું પાડ્યું છે. તેમણે તેમની મનપસંદ કેમ્પસ પ્રવૃત્તિઓ અને પહેલો, જેમ કે રમતગમત, સાંસ્કૃતિક અને તકનીકી ઉત્સવો, ArtatIITGN, સમુદાય કલ્યાણ કાર્યક્રમો વગેરે માટે પણ દાન આપ્યું છે.

આ વર્ષે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સરેરાશ યોગદાન વધીને રૂ. ૪૦૦૦ થયું છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૩૩૮૮ હતું. વિવિધ અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સરેરાશ દાન તો તેનાથી પણ વધારે,એટલે કે રૂ. ૬૮૧૨,છે. ૨૦૨૨માં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓમાંથી આશ્ચર્યજનક ૮૧ ટકા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં IITમાં યોગદાન આપ્યું છે. નોંધપાત્ર રીતે, સ્નાતક અને અનુસ્નાતક પાસ પૂર્વ વિદ્યાર્થી દાતાઓનું પ્રમાણ સમાન છે.

IITને તેઓ શા માટે સપોર્ટ કરે છે એ સમજાવતા, કૃતિકા ભગતાની, ૨૦૨૦માં BTech ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ સ્નાતક કરનાર કે જેઓ હાલમાં પરડ્યુ યુનિવર્સિટી, યુએસએમાં પીએચડી સ્કોલર છે, તેમણે જણાવ્યું કે, "ફ્લેક્સિબલ શૈક્ષણિક વાતાવરણે મને શીખવાની અને એક્સ્પ્લોર કરવાની સ્વતંત્રતા આપી. તેણે મારી કારકિર્દી અને વ્યક્તિત્વને ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. હું આજે જ્યાં છું ત્યાં સુધી પહોંચવામાં મને મદદ કરવા બદલ આભાર વ્યક્ત કરવા માટે હું IIT ગાંધીનગરને મારી શ્રેષ્ઠ ક્ષમતા મુજબ કંઈક આપવા માંગુ છું."

તાજેતરના વર્ષોમાં IIT ગાંધીનગરમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી મળતા દાનમાં ઝડપથી વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૩૬ લાખથી લઈને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૬૯ લાખ સુધી પહોંચીને છેલ્લા ત્રણ વર્ષમાં તે લગભગ બમણું થઈ ગયું છે. ૮૫%થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માસ્ટરક્લાસનું આયોજન, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મીટ-એન્ડ-ગ્રીટ્સનું આયોજન, વાર્ષિક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના પુનઃમિલનમાં ભાગ લેવો, શિષ્યવૃત્તિઓની સ્થાપના વગેરે સહિત અન્ય વિવિધ પહેલોમાં પણ સંસ્થાને સક્રિયપણે સપોર્ટ કરી રહ્યાં છે.

વાસ્તવમાં, IIT ગાંધીનગર ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સ્થાપવામાં આવેલી૨૩ શિષ્યવૃત્તિઓમાંથી લગભગ અડધી શિષ્યવૃત્તિઓ છેલ્લા બે નાણાકીય વર્ષોમાં સ્થાપિત કરવામાં આવી છે, જે ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન આપવા માટે વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ. એક લાખની નાણાકીય સહાય પૂરી પાડે છે. IITGNની શરૂઆતથી, ૮૪.૫ ટકા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછું એકવાર યોગદાન આપ્યું છે.

## ગોલ્ડ રત્ન ફલેટમાં આનંદનો ગરબો યોજાયો



કોલવડા ગાંધીનગર રોડ પર આવેલા ગોલ્ડ રત્ન ફ્લેટમાં આનંદનો ગરબો યોજાયો જેમાં ગાંધીનગર સેક્ટર ૨૪ માંથી મહિલા મંડળ આવ્યું હતું. તમામે ભેગા મળી આનંદનો ગરબો કર્યો હતો અને બહુચર માં તથા અંબેમાની આરાધ્યા કરી હતી.

## સે-૧૧માં નવા કોર્ટ સંકુલનો રવિવારે ભૂમિપૂજન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા અદાલતના નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ સંદર્ભે તારીખ ૨૩ એપ્રિલ, ૨૦૨૩ને રવિવારના રોજ સેક્ટર-૧૧ સ્થિત રામકથા મેદાનમાં ભૂમિપૂજનના કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેનો સમય સવારે ૯.૩૦ કલાકથી ૧૦.૫૦ કલાકનો રહેશે. આ કાર્યક્રમની સાથે જ ધુલીયા કોટ, અમદાવાદ ખાતેના જ્યુડીશીયલ ઓફીસરશ્રીઓના ક્વાર્ટરના બાંધકામનું વર્ચ્યુઅલ ભૂમિપૂજન પણ આજ જગ્યાએથી યોજાનાર છે. કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સુપ્રિમ કોર્ટના જસ્ટીસ એમ.આર. શાહ તેમજ બેલા એમ. ત્રિવેદી, ગુજરાત હાઈકોર્ટના એન.વી. અંજારીયા, કાયદા વિભાગના મંત્રી રૂષિકેશભાઈ પટેલ તથા અન્ય નામાંકીત અતિથીઓ પધારનાર છે.

## જે.એમ. ચૌધરી સ્કૂલને મનપા દ્વારા સાઉન્ડ સિસ્ટમની ભેટ



ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાના ચેરમેન જશવંતભાઈ પટેલ તેમજ કોર્પોરેટર મહેન્દ્રભાઈ પટેલ દ્વારા જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયને ડીજે સાઉન્ડ સિસ્ટમ ભેટ આપવામાં આવી તે બદલ અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, આચાર્ય બેન તેમજ સમગ્ર સ્ટાફ તેમનો હૃદયપૂર્વક આભાર માને છે.

## સરકારી ઈજનેરી કોલેજ ખાતે માર્ગદર્શન શિબિર યોજાયો



ગાંધીનગર, તા.૧૯

એસ.એસ.આઈ.પી. સેલ, સરકારી ઈજનેરી કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગર દ્વારા iHub, અમદાવાદના સંયોજનથી તા-૧૯/૦૪/૨૦૨૩ના રોજ "Mind to Mark and Demo Day" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વિધ્યા શાખાઓના ૧૨૦ વિદ્યાર્થીઓ તેમજ ૨૫ જેટલા પ્રાધ્યાપકોએ હાજરી આપી હતી. વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ માટે સરકારશ્રી દ્વારા મળતી વિવિધ સહાય તેમજ iHub દ્વારા અપાતા માર્ગદર્શનની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

**દુઃખદ અવસાન**

દરજી બાબુલાલ ગીરધરલાલનું દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતની અંતિમ યાત્રા સવારે આઠ કલાકે તેમના નિવાસ સ્થાન ૫૭૬/૧, કિસાનનગર, સે-૨૬ ગાંધીનગર ખાતેથી નીકળશે.

## બ્રહ્મ સમાજ યુવા પરિવારમાં નિમાયા



શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ન્યૂ ગાંધીનગર દ્વારા શ્રી હાર્દ શુક્લાની શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ન્યૂ ગાંધીનગરના યુવા પાંખના સહમંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. જેથી હાર્દ શુક્લાએ શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ન્યૂ ગાંધીનગરના સર્વે હોદ્દેદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## લાયોનેસ ક્લબ ગાંધીનગર દ્વારા પગરખાં વિતરણ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૧૯

લાયોનેસ ક્લબ ગાંધીનગરના પ્રમુખ પ્રિતીબેન શર્મા અને સેક્રેટરી શ્રીમતિ વિમળાબેન અયાચીના નેઝા હેઠળ લાયોનેસ ક્લબ તરફથી ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગરીબ પરિવારના બાળકો અને જરૂરિયાતમંદ બાળકોને રાહત રહે તે હેતુસર તા. ૧૭-૪-૨૩ના રોજ સે. ૨૮ની આંગણવાડીના બાળકોને સ્લીપરનું વિતરણ કરવામાં આવેલ ત્યારબાદ તા. ૧૮-૪-૨૩ના રોજ ઉવારસદ સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પુર્નવાસ કેન્દ્ર પ્રાથમિક શાળાના બાળકોને સ્લીપરનું વિતરણ કરવામાં આવેલ.



આ સેવાકીય કાર્યક્રમમાં યોગદાન આપનાર લાયો. પાસ્ટ પ્રેસીડન્ટ દેવલબેન જોષી અને લાયોનેસ બેનોનો ક્લબના પ્રમુખ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ.

આ પગરખાં વિતરણના સેવાકીય કાર્યક્રમમાં લાયો. પી.પી. દેવલબેન જોશી, પી.પી. મિતલબેન રાણા, પ્રતિમાબેન ત્રિવેદી, ચારૂબેન ટાંક, આંગણવાડીની બેનો તેમજ સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ઉવારસદ સ્કૂલના પ્રાથમિક શાળાના આચાર્ય ભરતભાઈ પ્રજાપતિ, ગૃહપતિ પ્રવિણભાઈ બારૈયા, ગોપાલક અધિકારી જગદીશભાઈ સોલંકી અને શિક્ષકગણ સાથે જોડાઈ સાથ-સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



નયનભાઈ પટેલ પરિવારના આયોજનથી ભવ્ય "સુંદરકાંડ પાઠ" યોજાયો હતો. વક્તા ભારતીબાપુની વ્યાસ પીઠે પાઠનુ ગાન કરવા ખુબ જ મોટી સંખ્યામાં હનુમાનજી ભક્તો એ પાઠનો લાભ લીધો હતો.